<table>
<tr><td colspan="2" align="center">મહેરબાન જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ જેતપુર–પાવી તાલુકા કોર્ટ,<br>(શ્રી આર. આર. જોધ્ધા) ની સમક્ષ<br>મુકામ – છોટા ઉદેપુર</td></tr>
<tr><td colspan="2" align="right">ફોજદારી કેસ ક્રમાંક 836/2026</td></tr>
<tr><td colspan="2" align="right">આંક – 3</td></tr>
<tr><td>ફરિયાદી</td><td>શ્રી સરકાર</td></tr>
<tr><td>વિદ્વાન સરકારી વકિલશ્રી</td><td>યોગેશભાઈ દરજી</td></tr>
<tr><td colspan="2" align="center">વિરુદ્ધ</td></tr>
<tr><td>આરોપી</td><td>શૈલેષભાઈ ભણીયાભાઈ રાઠવા, ઉ.વ.૩૭,<br>રહે. કિકાવાડા, સિભોડી ફળીયા, તા.જેતપુર પાવી, જી. છોટાઉદેપુર</td></tr>
<tr><td>વિદ્વાન વકિલશ્રી</td><td>વી.પી.રાઠવા</td></tr>
<tr><td colspan="2"></td></tr>
<tr><td align="center">બાબત</td><td>આરોપી તરફે ડીસચાર્જ અરજી</td></tr>
<tr><td colspan="2" align="center">: હુકમ :</td></tr>
</table>

**1.** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત છે કે, આ કામના આરોપી વિરુદ્ધ ગુજરાત પ્રોહીબિશન કાયદાની કલમ – 66(1)(B) તથા મોટર વ્હીકલ એકટની કલમ – 185 મુજબનો ફરિયાદ નોંધવામાં આવેલ અને તે અનુસંધાને તપાસ કરનાર અમલદારે જરૂરી તપાસ હાથ ધરેલી, ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધવામાં આવેલ અને ગુન્હાની કાયદા મુજબ તપાસ કરી ચાર્જશીટ તૈયાર કરી, આગળની ઈન્સાફી કાર્યવાહી સારૂ અત્રેની અદાલતમાં દાખલ કરવામાં આવેલ. આથી, ઉપરોક્ત ફોજદારી કેસ ઉપસ્થિત થયેલ છે.

**2.** સદર કોર્ટ દ્વારા સમન્સ કાઢતા આરોપી કોર્ટ સમક્ષ હાજર થયેલ અને તેઓને પોલીસ તપાસની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપી તરફે આંક –૦૩ થી ડીસ્ચાર્જ અરજી રજુ કરવામાં આવેલ છે. આરોપી પક્ષે ડીસ્ચાર્જ અરજીમાં મુખ્ય રજૂઆત છે કે સદર કામે આરોપી સામેનો આક્ષેપ પુરવાર કરવા માટે ચાર્જશીટ સાથે ખુબ જ મહત્વના એવા લોહીના નમુના કાયદેસર રીતે લેવાયેલ છે કે નહિ ? તે દર્શાવતા ફોર્મ – A, B તથા C આ કામે તપાસ કરનાર અમલદાર દ્વારા રજૂ કરેલ નથી. વધુમાં તબીબ દ્વારા યોગ્ય કાયદાકીય પ્રક્રિયા અનુસાર લોહીના નમૂના લીધા પછી તેમાં યોગ્ય પ્રિઝરવેટિવ યોગ્ય પ્રમાણમાં ઉમેરવામાં આવેલ છે કે નહિ તેનો કોઈ પુરાવો રજૂ કરેલ નથી. વધુમાં આરોપીનું લોહીનું સેમ્પલ ક્યારે અને કોના દ્વારા એફ. એસ. એલ. માં મોકલાવેલ છે અને તેનો શું રિપોર્ટ આવેલ છે તેનો કોઈ જ દસ્તાવેજી પુરાવો આ કામે રજૂ કરેલ નથી. વધુમાં, આ કામે ખૂબ જ મહત્વનો પુરાવો એવો ફોર્મ – C કે જે આરોપી દ્વારા બનાવના દિવસે લોહીમાં કેફી પદાર્થનું પ્રમાણ દર્શાવે તે આ કામ રજૂ કરેલ નથી. આથી, ફરિયાદ પક્ષ પ્રાથમિક દ્રષ્ટિએ પણ આરોપીએ બનાવના દિવસે કેફી પદાર્થ પીધેલ હતો અને તેની માત્રા લોહીમાં કાયદેસરની માત્ર કરતા વધુ હતી તેવું પુરવાર કરી શકેલ નથી. આથી, આરોપી સામે કેસ આગળ ચાલવા લાયક કોઈ માન્ય પુરાવો ના હોય આરોપીને સદર ગુનાના કામે ડીસચાર્જ કરવા અરજ કરેલ છે.

**3.** સરકાર તરફે વિદ્વાન સરકારી વકીલશ્રી દ્વારા રજૂઆત છે કે ગુનાની ગંભીરતા તથા આક્ષેપ ધ્યાને લેતા આરોપીઓ નશાની હાલતમાં પકડાયેલ હોય તેઓની સામેનો ગુનો પ્રાથમિક દ્રષ્ટિએ પુરવાર થાય છે. આથી, સંપૂર્ણ ફોજદારી ટ્રાયલ વગર આરોપીને બિનતોહમત છોડી શકાય નહિ અને આરોપીની આ અરજી નામંજૂર કરવા અરજ કરેલ છે.

**4.** સદર અરજીનો નિર્ણય કરતા પહેલા અનુસંધિત કાયદાની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાય છે. જે નીચે મુજબ છે. :–

**SECTION - 66 :- Penalty for illegal cultivation and collection of hemp and other matters.**

(1) Whoever in contravention of the provisions of this Act, or of any rule, regulation or order made or of any licence, permit, pass or authorization issued, thereunder-

[***]

(b) [consumes or uses] any intoxicant [other than opium) or hemp,
(c) taps or permits to be tapped any toddy-producing tree;
(d) draws or permits to be drawn toddy from any tree;
(e) enters the territory of the State in an intoxicated condition or under the influence of an intoxicant (other than opium) or hemp; after having consumed such intoxicant or hemp at any place outside the State,]
shall, on conviction, be punished-

(i.) for a first offence, with imprisonment for a term which may extend to six months and with fine which may extend to one thousand rupees:
(ii.) for a second or subsequent offences, with imprisonment for a term which may extend to two years but which shall not be less than six months and with fine which may extend to two thousand rupees.

(2) Subject to the provisions of sub-section (3), where in any trial of an offence under clause (b) of sub-section (1), for the consumption of an intoxicant, or in any trial of an offence under clause (e) of sub-section (1) for entry in the territory of the State after consumption of an Intoxicant or hemp at any place outside the State) it is alleged that the accused person consumed liquor, and it is proved that the concentration of alcohol in the blood of the accused person is not less than 0.05 per cent weight in volume then the burden of proving that [the liquor consumed was a medicinal preparation consumed in quantity not in excess of normal dose as defined in section 24-1 A or that the liquor consumed was a toilet preparation) or an antiseptic preparation or solution, or a flavouring extract, essence or syrup, containing alcohol, the consumption of which is not in contravention of the Act or any rules, regulations or orders made thereunder, shall be upon the accused person, and the Court shall in the absence of such proof presume the contrary.

## -:: The Motor Vehicle Act ::-

**185. Driving by a drunken person or by a person under the influence of drugs.**

- Whoever, While driving, or attempting to drive, a motor vehicle-
(a) has, in his blood, alcohol exceeding 30 mg. Per 100 ml. of blood detected in a test by a breath analyser, or ]
(b) is under the influence of a drug to such an extent as to be incapable of exercising proper control over the vehicle.

shall be punishable for the first offence with imprisonment for a term which may extend to six months, or with fine which may extend to two thousand rupees, or with both; and for a second or subsequent offence, if committed within three years of the commission of the previous similar offence, with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to three thousand rupees, or with both.

Explanation For the purposes of this section, the drug or drugs specified by the Central Government in this behalf, by notification in the Official Gazette, shall be deemed to render a person incapable of exercising proper control over a motor vehicle.

**5.** વધુમાં, ધી બોમ્બે પ્રોહીબીશન મેડીકલ એકઝામીનેશન એન્ડ બ્લડ ટેસ્ટ રૂલ્સ – 1959 ની કલમ – 4 મુજબ લોહી એકત્ર કરવાની તથા આગળ મોકલવાની પ્રક્રિયા દર્શાવેલ છે જે નીચે મુજબ છે. :–

(5.1) ઉપર્યુકત નિયમ – 3 માં દર્શાવેલ વ્યક્તિને તેની સમક્ષ રજુ કર્યેથી તેનું લોહી લેવા માટે નોંધાયેલ મેડીકલ પ્રેકટીશનરે સીરીન્જ વાપરવી. ઉપર દર્શાવેલ હેતુ માટે ઉપયોગ કરતાં સીરીન્જને ઉકળતાં પાણીમાં સ્ટરીલાઈડ કરવા મુકવી. તેણે આવી વ્યક્તિના શરીરના જે ભાગમાંથી તે લોહી ખેંચવા ઈરાદો રાખતાં હોય તેના ચામડીની સપાટી ઉપરના ભાગને તેણે આલ્કોહોલ અથવા તેનું મીશ્રણ ન હોય તેવા 1 % એકવાયસ મરક્યુરોકોમ મીશ્રણથી અથવા જેનશ્યામ વાયોલેટથી સાફ કરશે. વ્યક્તિના શરીરમાંથી લોહી ખેંચવામાં આવે ત્યારે કોઈપણ તબકકે આલ્કોહોલનો સ્પર્શ કરવો નહી. તેણે વ્યકિતના શરીરમાંથી સીરીન્જથી 5 સી.સી.થી ઓછું ખેંચવું નહી. ત્યારબાદ સીરીન્જમાં લીધેલ લોહીને શીશીમાં લેવું. લોહીના ગઠ્ઠા ન થઈ જાય તેવા અને લોહી સચવાય રહે તેવી દવા શીશા ફીયાલમાં મુકી અને પછી શીશીને તે પેલી લોહીના ગઠ્ઠા ન થઈ જાય અને લોહી સચવાય રહે તે માટે સાથે ભેળવવા માટે ખુબ હલાવશે. પછી શીશીને ઉપર લેબલ લગાડવું અને લાખથી તેના ઢાંકણાને સીલ કરવું. ત્યારબાદ તેના ઉપર ઓફીશીયલ સીલ મારવું અથવા નોંધાયેલ મેડીકલ પ્રેકટીશનરનું સીલ લગાડવું.

(5.2) પેટા કલમ – 1 માં દર્શાવેલ રીતે શીશામાં લીધેલ નમુનાના લોહીને ચકાસવા માટે ચકાસણી અધિકારીને ટપાલ મારફત અથવા ખાસ સંદેશા વાહક દ્વારા મોકલી આપવાનું. આવું લોહી લીધાની તારીખથી સાત દીવસમાં મળી જાય તે રીતે મોકલવું અને તેની સામે ફોર્મ – B માં એક પત્ર સામેલ કરવો કે જેમાં નમુનાનું લીધેલ લોહીની શીશીને સીલ કરવા માટે વાપરેલ સીલ અથવા મોનોગ્રામની પ્રતિકૃતિ આબેહુબ નકલ હોવી જોઈએ.

**6.** ઉપરોકત કાયદાકીય જોગવાઈઓ ધ્યાને, વંચાણે લેતાં તથા વધુમાં, આ કામે તપાસ કરનાર અમલદારે ફોર્મ – B અને ફોર્મ – C રજૂ રાખેલ નથી. જેથી આરોપીએ 66(1)(B) મુજબ બનાવના દિવસે તથા સમયે કેફી પદાર્થનો ઉપયોગ કરેલ છે કે કેમ તેમજ 66(2) મુજબ આરોપીના લોહીમાં આલ્કોહોલનું પ્રમાણ 0.05 થી વધારે છે કે ઓછું છે તે પણ રેકર્ડ ઉપર લેવલ નથી. તેમજ આરોપીનું લોહીનું સેમ્પલ એફ.એસ.એલ. કચેરી ખાતે બ્લડ ટેસ્ટ રૂલ્સ પેટા કલમ – 2 મુજબ સાત દિવસની અંદર પહોંચેલ છે કે કેમ તે પણ સદર કામનું રેકર્ડ જોતાં ફલીત થતું નથી. આમ, આ કામેના પ્રોહીબીશન એકટની કલમ – 66(1)(B) ગુન્હાની હકીકતની ચોકસાઈ માત્ર ફોર્મ – C દ્વારા થઈ શકે તેમ હોય, જે ફોર્મ – C આ કામે રજૂ રાખેલ નથી.

**7.** આમ, તપાસના કાગડો તથા તમામ હકીકતો અને આરોપીની ડીસ્ચાર્જ અરજી ધ્યાને લેતાં આરોપી વિરૂધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–66(1)(B) મુજબના ગુન્હો પ્રથમ દર્શનીય રીતે ફરિયાદ પક્ષ પુરવાર કરી શકેલ નથી અને ગુનો પુરવાર કરવાના ખુબજ મહત્વના પુરાવા આ કામે રજૂ કરેલ ન હોવાથી આરોપીએ બનાવના દિવસે અને સમયે કેફી પદાર્થ પીધેલાનું રેકર્ડ ઉપર ફલીત થતું નથી.

**8.** વધુમાં, જો આરોપી વિરુદ્ધ પ્રોહીબીશન એકટની કલમ–66(1)(B) મુજબનો ગુનો પ્રાથમિક દ્રષ્ટીએ પુરવાર થતો ન હોય તો તેઓની વિરુદ્ધ મોટર વ્હીકલ એકટની કલમ–185 મુજબનો ગુન્હો પણ બનતો હોવાનું માની

શકાય નહિ. જેથી આ સંજોગોમાં આરોપીએ આ કલમના ભંગ બદલ ટ્રાયલમાંથી પસાર થવાની જરૂરરિયત રહેતી નથી, તેવું આ અદાલતનું માનવું છે.

**9.** આથી, ઉપરોક્ત કેસની હકીકત ધ્યાને લેતાં આરોપી સામે તહોમતનામું ફરમાવી કેસ આગળ ચલાવવાનો કોઈ અર્થ રહેતો ન હોય ન્યાયના વીશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**: હુકમ :**

- આરોપીની હાલની અરજી મંજૂર કરવામાં આવે છે.
- આ કામના આરોપી શૈલેષભાઈ ભણીયાભાઈ રાઠવા, ઉ.વ.૩૭, રહે. કિકાવાડા, સિભોડી ફળીયા, તા.જેતપુર પાવી, જી. છોટાઉદેપુર નાઓને બી. એન. એસ. એસ. ની કલમ–274 અન્વયે તેમની સામેના પ્રોહી. એકટની કલમ–66(1)(B) તથા એમ.વી.એકટની કલમ–185 મુજબના ગુન્હામાંથી બીનતહોમત છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.
- આ કામે જો કોઈ મુદામાલ અગાઉ વચગાળાનો હુકમ કરેલ હોય તો તે અપીલ સમય બાદ કાયમી કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો ન કરેલ હોય તો તમામ મુદામાલનો અપીલ સમય પુર્ણ થયા બાદ નિયમ મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા. ૦૬ મી માહે જુલાઈ સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવેલ છે.

તારીખ : 06/07/2026 (રાજદીપસિંહ રૂગનાથસિંહ જોધ્ધા)
સ્થળ : જેતપુર– પાવી જુડીશયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
(જજ કોડ – GJ 01759)